# શાળાકક્ષાએ કયું માધ્યમ પસંદ કરશો? અંગ્રેજી કે ગુજરાતી ?

શાળાઓમાં પ્રવેશ મેળવવાની સિઝન ચાલી રહી છે. સામાજિક પ્રસંગે સમૂહમાં મળતાં લોકોની વિવિધ વાતોમાં એક વિષય બાળકના શાળા પ્રવેશ વિશે પણ હોય જ છે. તેમાં પણ ખાસ કરીને મધ્યમવર્ગના લોકસમૂહમાં આ બાબત ખાસ ધ્યાન ખેંચે છે. આ રીતે વિચારતાં કહી શકાય કે, શિક્ષણ અંગેની જાગૃતતા વધી છે, એટલુંજ નહીં વાલી પોતાના બાળકોના શિક્ષણ અંગે ચિંતિત બન્યાછે. આજે ગામડાનો વાલી પણ પોતાના બાળકની શિક્ષણ અંગેની ચિંતા લઇને ફરતો દેખાય છે. જે ભારતના ભાવિસમાજ માટેની સારી નિશાની છે. તેમની આ ચિંતા સાર્થક જ છે, જે બાળકના ભવિષ્યના ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે છે. આમછતાં તેમની આ ચિંતામાં ક્યારેક ચિંતનનો અભાવ જોવા મળે છે. ચિંતા કરવામાં ચિંતન ભુલાઇ જાય છે. શાળા પ્રવેશ વખતે વાલીની ચિંતા બે બાબતમાં વિશેષ જોવા મળે છે. એક તો કઇ શાળામાં પ્રવેશ લેવો અને કયા માધ્યમમાં પ્રવેશ લેવો. તેમાં પણ આજનો શહેરનો વાલી શિક્ષણ મેળવવાના માધ્યમને વધુ પ્રાધાન્ય આપતો થઇ ગયો છે. જેનો ચેપ ધીમેધીમે ગામડાંમાં રહેતા વાલીને પણ લાગવા માંડયો છે. આ ચેપમાં જ ચિંતનનો અભાવ ડોકાઇ આવે છે.

આજે દરેક વાલી પોતાના પાલ્યને ખૂબ જ ઝડપથી ઇન્ટરનેશનલ મેન/વુમન બનાવી દેવા માંગે છે. જે બાળક હજુ પોતાના સમાજને સમજતું થયું નથી, તેને ઇન્ટરનેશનલ બનાવવાની ધૂનમાં ભારોભાર ગાંડપણ જ ભરેલું ગણાય. પોતાનું બાળક માતૃભાષા સમજતું, બોલતું થાય તે પહેલાં જ અંગ્રેજી બોલતું-સમજતું થાય તેવી ઘેલશા મોટાભાગના વાલી રાખવા માંડયા છે. ત્યારે પ્રશ્ન થાય છે કે શું આ વાલીમાં નિર્દોષતા છે કે નબળાઇ છે? શું આ વાલી શિક્ષણના માધ્યમમાં માતૃભાષાના મહત્ત્વને જાણતાં જ નથી? આજનો વાલી અંગ્રેજી માધ્યમ માટે એટલો તો પામર અને પાગલ બની ગયો છે કે તેને કોઇ વાળી શકે તેમ લાગતું જ નથી. આજે પ્રાદેશિક ભાષાની માધ્યમ ધરાવતી શાળાઓ બંધ થવા લાગી છે અને અંગ્રેજી માધ્યમની શાળાઓ હાટડીની જેમ ખૂલવા લાગી છે. શાળા સંચાલકો વાલીની આ નસ જાણીને તેનો પૂરેપૂરો ફાયદો ઉઠાવવામાં મંડી પડયા છે. ત્યારે અંગ્રેજી માધ્યમ પાછળ પામર અને પાગલ થયેલા વાલીએ ચિંતા છોડીને કેટલુંક ચિંતન કરવાની જરૂર છે.

બાળપણમાં કાચી ઉંમરે એક કરતાં વધુ ભાષા શીખવી અને સમજવી અઘરી પડે. શાળામાં અંગ્રેજી અને ઘરમાં ગુજરાતી! હા...જેના ઘરમાં અંગ્રેજી ભાષા બોલાતી હોય તેમના માટે અંગ્રેજી માધ્યમ પસંદ કરવું સહેજ પણ ખોટું નહીં ગણાય. પરંતુ જેના ઘરમાં અંગ્રેજીનું વાતાવરણ જ નથી, જે પોતે માતૃભાષા પણ શુદ્ધ બોલી ન શકતા હોય, મા-બાપ પણ દીકરા-દીકરીની નોટ કે ચોપડી લઇને અંગ્રેજી શીખતા હોય, અને અંગ્રેજી શીખવતા હોય, તેવા વાલીના બાળક માટે અંગ્રેજી માધ્યમની પસંદગી આપઘાત માટે પ્રેરવા બરાબર ગણાય. કારણકે, કોઇપણ વ્યક્તિ માતૃભાષામાં જ સરળતાથી સમજી શકે છે,વિચારી શકે છે અને અભિવ્યક્તિ કરી શકે છે. બાળપણમાં બાળકે સમાજ-દુનિયા-જ્ઞાન-માહિતી વગેરે જાણવાના છે, સમજવાના છે. આ બધું માતૃભાષા દ્વારા જ સરળતાથી શીખી શકાય-જાણી શકાય. બાળકને સૌ પ્રથમ તો પ્રત્યાયન કરતાં શીખવવાનું છે. આ કામ માતૃભાષા જ સ્વાભાવિક અને સહજ પણે કરી શકશે, અન્ય ભાષા નહીં. શાળામાં પણ શિક્ષકની રજૂઆત બાળક જેટલી સરળતાથી અને સહજતાથી સમજી શકશે તેટલી શિક્ષણ પ્રક્રિયા સરળતાથી ,સહજતાથી અને ઝડપી થઇ શકશે. આ સરળતા અને સહજતા માતૃભાષા દ્વારા જ આવશે. અન્ય ભાષાથી ભાર લાગશે. ક્યારેક બાળક લઘુતાગ્રંથિ ધરાવતો પણ થઇ જાય.

બાળપણમાં બાળકને શિક્ષણ તથા સંસ્કાર આપવામાં વાલીની ભૂમિકા પણ અગત્યનો ભાગ ભજવે છે. તેવા સમયે જો મા-બાપને જ અંગ્રેજી ન આવડતું હોય અને બધું જ શાળા પર છોડી દેવામાં આવશે તો

સફળતાનો આંક ઊંચે નહીં પહોંચે. પોતે જે ન શીખી શક્યા તે પોતાના બાળકને શીખવીને ખોટું ગૌરવ લેવામાંથી બહાર આવવાની જરૂર છે. આપણને આવતાં વિચારો અને સ્વપ્ન પણ માતૃભાષામાં જ આવે છે. દરેક વાલીએ આ બાબત સમજીને અપનાવવા જેવી છે.

અહીં અંગ્રેજી માધ્યમનો વિરોધ નથી. આજની અને આવતીકાલની દુનિયામાં પ્રગતિ સાધવા અંગ્રેજી એટલેકે આંતરરાષ્ટ્રીય ભાષા વગર ચાલવાનું નથી જ. પરંતુ વિરોધ એ બાબતનો છે કે, ગુજરાતી કે અન્ય માતૃભાષાના વાતાવરણમાં ઉછળતા બાળક માટે શાળાકક્ષાનું શિક્ષણ માતૃભાષામાં નથી અપાતું તેની સામે છે. અંગ્રેજી શીખવી જ જોઇએ, પણ ચોક્કસ ઉંમર પછી. પહેલાં તો પોતાની માતૃભાષા સમજતા અને ઉપયોગ કરતાં શીખે તે જરૂરી છે, અન્ય ભાષા શીખવા અને ઉપયોગ કરવામાં બાકીની જિંદગી ક્યાં નથી. કોઇપણ વ્યક્તિની જિંદગીના શરૂઆતના ચાર-પાંચ વર્ષ (પૂર્વ પ્રાથમિક શિક્ષણ સુધી) અંગ્રેજી નહીં શીખે તો તેમાં આસમાન તૂટી નથી પડવાનું. આજના વિજ્ઞાનીઓ, ડૉક્ટર, એન્જિનીયરોને પૂછવામાં આવશે તો ખ્યાલ આવશે કે તેમાંથી મોટાભાગના લોકોએ પોતાના શિક્ષણની શરૂઆત માતૃભાષાથી જ કરી હશે. આમ પણ કોલેજમાં ઉચ્ચકક્ષાના તમામ અભ્યાસક્રમો અંગ્રેજીમાં જ શીખવવામાં આવે છે. તે વખતે તમારું બાળક અંગ્રેજી શીખે તો તેમાં  વાંધો શું છે? આજેપણ પરદેશ જવા ઇચ્છતાં આપણાં ગુજરાતી ભાઇઓ/બહેનો ચાર-છ માસ મહેનત કરીને IELTS કે TOFFEL જેવી પરીક્ષા પાસ કરીને પરદેશ જઇને ફાંકડું અંગ્રેજી બોલતા થઇ જાય જ છે. ક્રિકેટ રમતાં ખેલાડીઓમાંથી મોટાભાગના ખેલાડીઓએ કોલેજનું શિક્ષણ મેળવ્યું હોતું નથી. પોતાની માતૃભાષામાં પણ મધ્યમકક્ષાનું જ શાળાકીય શિક્ષણ મેળવેલ હોય છે. આમછતાં આંતરરાષ્ટ્રીય સ્તરે રમવા મળે ત્યારે આપણે જોઇએ છીએ કે તેઓ અંગ્રેજીમાં સારી રીતે પ્રત્યાયન કરી શકતા હોય છે. કારણ તેઓને જરૂરિયાત ઊભી થતાં તેઓ ટૂંક સમયમાં જ પ્રત્યાયન કરી શકે તેટલું અંગ્રેજી શીખી લે છે, તદ્‌ઉપરાંત વાતાવરણ તેમને શીખવે છે.

બીજા વ્યૂહથી વિચારીએ તો પણ શાળા કક્ષાએ માતૃભાષામાં શિક્ષણ લેવું વધુ ફાયદાકારક છે. જેમકે, બાળકના ભવિષ્યનો આધાર ધોરણ બારના પરિણામ પર છે. સામાન્ય રીતે ધોરણ બારના પરિણામને આધારે જ તે આગળનો અભ્યાસક્રમ અને કોલેજ પસંદ કરે છે. કોલેજમાં પ્રવેશ માટે ધોરણ બારનું પરિણામ જોવામાં આવે છે, માધ્યમ નહીં. સાથે ધોરણ બારનું પરિણામ જોતાં પોતાની માતૃભાષામાં અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓ સારું પરિણામ મેળવવામાં મોખરે હોય છે. જેથી સ્વાભાવિક છે કે, સારા અભ્યાસક્રમો અને સારી કોલેજોમાં આવા વિદ્યાર્થીને પ્રવેશ સરળતાથી મળશે અને માતૃભાષા સિવાયના-અંગ્રેજી માધ્યમના મોહમાં ફસાયેલા વિદ્યાર્થીઓને પ્રવેશમાં કેટલાંક અંશે મુશ્કેલી પડશે જ. તો સૌ વાલીએ વિચારવાનું થાય કે, શાળા કક્ષાએ માધ્યમનો મોટો પણ ખોટો મોહ રાખીને મુશ્કેલીમાં મૂકાવું કે માતૃભાષામાં શિક્ષણ અપાવીને ઝાઝી સફળતા મેળવવી?